મોતીશાનાં ઢાળીયાં

રાજુલના બાર મહિના તથા નેમનાથ
ના શલોકો અને સ્તવનો વિગરે.

બનાવનાર

વીરવીજય માહારાજ તથા સુરસસી વિગર.

પ્રસિદ્ધકાર "ગુજરાત યુનિયન પ્રેસ"ના માલેક

વાડીલાલ દલીચંદ



દાવાદ

છાપ્યા તઈ કરવાનું ઠે૦ માણેકચોક

આગ તાળમા મોતી દલીચંદનું મકાન.

. ૧૯૨૯.——સને ૧૮૭૩ .

કીંમત રૂ૦-૨-૦

મોતીશાનાં ઢાળીયાં.

ઢાલ ૧ શુહુંકર સીધાચલ શેરી, એ દેશી

ઉઠી પ્રભાતે પ્રભુ નમીએ, જઇ વીમલાચલ વીશમએ;
અંતર ધ્યાન રશે રમીએ, વીમલગેરી રંગ રશે શેવો;
ત્રીભોવન તીરથ નહી એવો, વીમલગેરી રંગ રશે શેવો. ૧
ગેરીસાંગા એક દગ ભરીએ, કોડ હજાર ભવંતરીએ;
સંચા પાતિકડા હરીએ, વીમલ૦ ૨
અમરીત પદ વરવા આવા, પાડવ પંચુહા મુનીરાઆ;
શેંએગેરી મુગતી પાવા, વીમલ૦ ૩
જાત્રા વિના ભોજન ન કરે, સુરશાની અભિગ્રંહપુરે;
પુરવ ભવે શું શોક હરે, વીમલ૦ ૪
ખટમાશી જીન ધ્યાન ધરે, શુકરાજા નિજ રાજ વરે;
શેત્રુંજઅગેરી નામ કરે. વીમલ૦ ૫
સંઘવી થઇ સંઘ લેઇ ચાલે, શીધાચલ પંચશનાત્ર કરે;
શીરપર રાયણ દુધ ઝરે. વીમલ૦ ૬
ગુરૂ ઉપદેશ વચન વાણી, મુંબાઇબંદર રેહેવાશી;
સુરનર ગાવે શોબાશી વીમલ૦ ૭
અમીચંદ શાકરચંદ તણા, કળીજુગમાં કલ્પ વૃક્ષ બન્યા;
ઉપગારી તરૂ છાય ઘણા. વીમલ૦ ૮

શેઠ મોતીશા ધનરાસે, પુરે દાન દુખીઆની આશે;
કલકત્તા વળી મદ્રાશે. વીમલ० ૯
દરીઆ માંહી ઝાઝ ઘણા, ચીન દેશ વિલાત શુણા;
શેઠ મોતીશા નામ તણા. વીમલ० ૧૦
કુંવરપદે ખીમચંદભાઈ, ઈંદ્રજયતશુ ઠુકરાઈ;
પુરણ પરભવ સુ કમાઈ. વીમલ० ૧૧
શીધગેરી ઉપર ટુંક તણી, શેઠ મોતીશાને હુંશ ઘણી;
શ્રી શુભ વીર વચન સુણી. વીમલ० ૧૨

ઢાલ ૨ આંબળાને હું મજની મોરી રે જની કયાં રમી આવીજીરે, એ દેશી.

સંવત અઢારસેં અઠાશી માંહે, શીધગેરી શીખરવી ચાલેજીરે;
કુંટાસરનો ખાડો મોટો, શેઠજી નયણે નીહાલે મનને મોલેજીરે
અંતર નયણાનિહાલે મનને મોલેજીરે. ૧
ભવગરતાં પુરણને હેતે, ખાંત મહુરત ત્યાં કીધુંજીરે;
સરસરપાવ ઘણા જાચકને, દાન અતુલ્ય ત્યાં દીધું મન० ૨
ચોથે આરે બહુ ધનવંતા, પણ નવી ખાડો પુરાવ્યોજીરે;
આ કાળે મોતીશા શેઠે, કનક રૂપૈયે ભરાવ્યો મન० ૩
તે ઉપર જગ્ય ટુંક બતાવે, મધ્યે ચૈત્ય વીશાલાજીરે;
આજુ બાજુ ચૈત ઘણ છે, જંબુ તરૂ પરિવાર મન० ૪
શ્રી ઋષભદેવ પુંડરીક પ્રમુખની; પડીમા ત્રણસેં જાણીજીરે;

નત્રી ભરાવી ચીત્ત ઉદ્યરે, લિધીશું શાસ્ત્ર પ્રમાણ. મન૦ ૫
અંજનશલાખા પરમુખ શામગ્રી, મેળવતાં ગુરૂ સંગેજીરે;
નવલાખ પણ તીશસેસ રૂપૈયા, ખરચાણા મનરંગે. મન૦ ૬
અમરચંદ ખીમચંદ દમણના, શેઠજી આગે પ્રધાનોજીરે;
ભાઈ અનોપચંદ દાઅ સહોદર, અવસર ઉચીતના જાણ. મ૦ ૭
મોટા મંદીર પાંસે દેહેરૂં, તે પણ શિખર કરાવે જીરે;
ધર્મનાથ આદે બહુ પડીમા, સુંદર તેહ ભરાવે. મન૦ ૮
શશી મંડળ ફરતા ગ્રહમંડળ, નામ જીન ચૈત ઘણુંરાજીરે;
શેહેરાગમે કારીગર કામે, લાગે ઉઠી સવારૂ. મન૦ ૯
કલ્યાણજી કાહાનજીનો નંદન દીપચંદ ગુણ પ્રણમેજીરે;
એ ટુંક પાછળ ટુંક કરાવે, શેઠ મોતીશા હુકમે. મન૦ ૧૦
તાણુઆમાં મહુરત લીધું, અંજનસલાખા કેરૂંજીરે;
શી શુભ વીર જીનેસ્વર ભગતે, ઉલશીત ચીત્ત ભલેરૂ મ૦ ૧૧

ઢાલ ૩. અનીઆરે વાલોજી વાયછે વાંસલીરે

એ દેશી.

અનીહારે શેઠ સજાઈ કરે સંઘનીરે, તે સાંભળી દેશાવીદેશ,
લોક સને ઘણા સંઘમાંરે, અનીહારે દેવ ઘણા દેવ લોકમાંરૂ
શેઠના ગુણ ગાય વિશેષ, લોક સને ઘણા સંઘમાંરૂ. ૧
અનીહારે દાક્ષીણતા ગુણ શેઠનારે, પારસસમ સ્વર્ણ ગ૦
લોક૦ ૧ અનીહારે દાક્ષીણતાપણું આપણુંરે, નહી ચાપ એમ

દીલ થાપ લોક૦ ૪ અનીહારે સ્વર્ગે શેઠને નુતરયારે, કરો પાવન અમ ઘર આજ લોક૦ ૪ અનીહારે ગામ ગયા સુતા જાગશેરે, રૂપે વણુશે ઘરના કાજ લોક૦ ૫ અનીહારે ખીમચંદ ભાઈને શેઠજીરે, દીએ હેત શીખામણ સાર લોક૦ ૬ અનીહારે પુત્ર સવાઈ પુન્યે હજોરે, કુળ દીપકછો નિરધાર લોક ૭ અનીહારે સંઘવીપદ ધરી સાચવોરે, પ્રતિષ્ટા સંઘ હજુર લોક૦ ૭ અનીહારે ગુરૂ ભગતી ગુણ દાનથીરે; કાઢે જો દાલીદ્ર દુર લોક૦ ૯ અનીહારે પત્ર લખી પેઠી થયોરે, તે માંહી સરવે વીચાર. લોક૦ ૧૦ અનીહારે ભાદરવો ખાણુંઆ તણોરે, શુદ પડવેને રવિવાર. લોક૦ ૧૧ અનીહારે મહુરત લેઈ શીખાવીયારે, કાંઈ- શેઠજી સ્વર્ગ- મોજાર લોક૦ ૧૨ અનીહારે મોતીશાજી મરણ ગયારે, એમ બોલે તે લોકગમાર .લોક૦૧૩ અનીહારે બીજે દીને શશી ઉગીઓરે,, જોવા ખીમચંદભાઈ દેદાર. લોક૦ ૧૪ અનીહારે સજન જે સુખીયા થયારે, નવી ધરવો શોક લગાર. લોક૦ ૧૫ અનીહારે બણ તો માસ વીતી ગયારે, જનકાગમ છોડી હાશ લોક૦ ૧૬ અનીહારે અમરચંદ સમજાવતાંરે, જબ આવે માગશર માસ લોક૦ ૧૭ અનીહારે ઉજલી તીજે કંકોતરીરે,લખી દેશ દેશ મોઝાર લોક૦૧૮ અનીહારે પોષ તણી શુદ સાતમેરે, કાંઈ દેરા દીધા થાહાર લોક૦ ૧૯ અનીહારે ખીમચંદ ભાઇ હરતી ચઢયારે, કરે ટોપીવાળો સરપાવ. લોક૦ ૨૦ અનીહારે શી શુભ વી

૨ મંડળીકનારે, હોય શબ્દે શુકનના ભાવ લોક૦ ૧૨

ઢાલ ૪ તોરણ આઈ કયું ચલેરે, એ દેશી.

સંઘવી હસ્તી શીરે ચઢ્યોરે, વધાવતી વરનાર સલુણા;
દેહેરાસર આગે કરીરે, દેરા દીયા પુર બાહાર સલુણા;
રંગ રશીલા સાંભળોરે, સંઘની શોભા અપાર સલુણા.
રંગ૦ ૧ આંકણી

પાછળ કોરટના ધણીરે, દીએ પરમાણસ નુર સલુણા;
હુકમ શેઠ ખીમચંદનોરે, રાજા રહે હજુર સલુણા; રં૦ ૨
સંઘ ભેઘ શીખાચલેરે, ઉતરીઆ જઇ ઠેઠ સલુણા;
પોશ વદી પડવે દીનેરે, વંદ્યા જીન કરી ભેટ સલુણા. ૨ ૪
ડેરાં તંબુ કચેરિયોરે, દેખી દેવ વીમાન સલુણા;
કુંપની બાહાદુર વાવટોરે, વાજિંત્ર ફુરકે નિશાન સલુંણા, રં૦ ૪
રાજ નગરના સંઘવીરે, શેઠ હિમાભાઈ આય સલુણા;
મોહોટા નાનાં સંઘવીરે, તે પણ ભેળા થાય સલુણા રં૦ ૫
સોરઠ કછ હલારનારે, ગુજરાતી ગોલવાડ સલુણા;
પુરણ દક્ષણ માળવીરે, મરૂધરને મેવાડ સલુણા રં૦ ૬
સંઘ સવા લાખ આશરેરે, સંજન એક હજાર સલુણા;
કરી મંડપ પરઘાવતારે, પડીમા પાંચ હજાર સલુણા રં૦ ૭
માતા દીવાળી બાઇનેરે, દેખી હરખ ન માય સલુંણા;
પુત્ર વધામણી શેઠનેરે, દેવા સ્વર્ગે સધાય સલુણા, રં૦

શેઠ મોતીશા સાંભળીરે, શાહાજી કરે તતખેવ સલુણા;
શાલીભદ્રને પુરતારે જેમ ગોભદ્રરહે દેવ સલુણા. ૨૦ ૯
બીંબ પ્રતિષ્ટા અંજનેરે, મુહુરત લીઓ શીકાર સલુણા;
માહામાશે જોશી દીઓરે શુદ દશમી બુધવાર સલુણા ૨૦ ૧૦
તપગછ ખરતર સાગરૂરે, સુરવર ત્રણ મીલાપ સલુંણા;
વદ દશમી જળ જાત્રારે, તિરથના જળ લાયસલુંણા ૨૦ ૧૧
જાપમ ગ્રહી એક દેવતારે, મંડપ બીંબ સુહાય સલુંણા;
દ્વાદશી કુંભ થાપણારે, રાતી જગા નીત થાય સલુણા ૨૦ ૧૨
શ્રીફળ સાહે પ્રભાવનારે, દેતા નવ નવી ચીજ સલુંણા;
શહુધરમ દાવા જગમગેરે, લેતો વીરવા વીજ સલુંણા ૨૦ ૧૩
પુજન નંદ વરતનુરે, દીશા વીદીશા બળીદાન સલુંણા;
ગ્રહદીગપાલની થાપનારે, મંત્ર કરી અહવાન સલુંણા ૨૦૧૪
ખીમચંદ ભાઇના સંઘનેરે, આશીષ કરજો દેવ સલુણા;
શીશુભ વીરને આશરેરે, સુખ લીલા નીત મેવ સલુંણા ૨૦૧૫

ઢાલ ૫.

ચોથે દીને ખેતરપાળનેરેલોલ, શાશનની રખવાળનેરેલોલ;
ચોસઠ ઇંદ્રને નોતરચારેલોલ, બાહાર ભુતલ બળી બાકલારેલોલ
પુજી કરી શીધ ચક્રનેરેલોલ, વીશ સ્થાનક પંચમે દીનેરેલોલ.
શેઠ શેઠાણી રૂડે મનેરેલોલ, ઇંદ્ર ઇંદ્રાણી છઠે દીનેરેલોલ
ચવનકલ્યાણક સાચવેરેલોલ, સ્વર્ગ થકી ઘર લાવેરેલોલ;

ચૌદ સુપન રાત્રીશીરરેલોલ, સુપન પાઠક ફળ ઉચરરેલોલ ૩
જન્મ્યા પ્રભુની વધામણીરેલોલ, સંચરી ઇંદ્ર દીએ ધણીરેલોલ
છપનદીગ કુમરી નમેરેલોલ, રાતે ઉત્સવ દીન સાતમેરેલોલ;૪
કુળ ધરે નવરાવતીરેલોલ, પુજી ઘેર પધરાવતીરેલોલ;
ભેટ કરી ગુણ ગાવતીરેલોલ, રાશ રમી ઘેર જાવતારેલોલ. ૫
આઠ ઇંદ્રાણી આવતારેલોલ, હાથમા લેઇ કંકાવટીરેલોલ;
ખીંબ નવા સંગાથશુંરેલોલ, તિલક કરે નીજ હાથશુંરેલોલ. ૬
ઇંદ્ર ચોશઠ હવે મળ્યારેલોલ, ખીમચંદભાઇ ઘરે આવીયારેલોલ
શોહમ ઇંદ્ર મુગટ શીરેરેલોલ, હસ્તી શીર ચમર ઢલેરેલોલ. ૭
ઇંદ્ર ધણી મુગટે જડ્યારેલોલ, ચારશ રથ ઘોડે મઢ્યારેલોલ;
પાલખીઓને મેના ઘણારેલોલ, શાજન કેરી નહી મણારેલોલ
રાગ તાન ઘણી જાતનારેલોલ, વાજાં તે વાગે વીલાતનારેલોલ
વરઘોડો મારગ સંચરચોરેલોલ, મંડપમાં જઇ ઉતરચોરેલોલ;૯
મેરૂ શીહાશન બેશીઆરેલોલ નાથને ઓળે નિવેશીયારેલોલ;
ઇંદ્ર ચોશઠ નમન કરેરેલોલ, પછે હીમાભાઇ ઓળે ધરેરેલોલ.
શેઠ ખીમચંદભાઇ ગંગાજળેરેલોલ, નાથ શીર કળશા ઢળેરેલોલ
પછી કનક કુશમે કરેરે લોલ, ઇંદ્ર ગયા ઘેર ઠાઠમાંરે લોલ;
શનાત્ર મહોતશી આઠમેરેલોલ, દેવત પડીમા શરેરેલોલ;
દેવ બળીએ આપતારેલોલ, બાળ ક્રીડા નિશાળનારેલોલ;
ઉત્સવ રંગ વધામણારેલોલ, જોબન વય પ્રભુ પામતારેલોલ;
શ્રી શુભ વીર પરણાવતારે લોલ ૧૩

હવે વિવાહ સામગરી મેહેલીરે, એ દેશી.

હવે વિવાહનો વરઘોડોરે, ભલો વર કન્યાનો જોડોરે,
સાજન શાબેલા સાથેરે, રાગણ દીવો મુધી વહુને હાથેરે
જયવંતાજી ૧
એમચંદ ભાઈ પ્રભુ કર ધરીઆરે, અમરચંદ ઘેર ઉતરીઆરે
ચોરી પુખી નરી વહુ લાવ્યારે, વરકન્યા ત્યાં પ્રણાવ્યારે જ.
માંહો માંહે વસ્ત્ર ઘરાણાંરે, વરકન્યાને નજરાણાંરે;
હાએ પક્ષે ધવળ ગવરાવેરે, પછી મંડપ ઘર પધરાવેરે. જ,
રાજભાર ધરી કર લીલારે, લોકાંતિક દિક્ષા વેળારે,
પ્રભુ હુકમ લેઈ બહુ માનરે, શેઠ દેતા વરશીદાનરે. જય.
નવમો વરઘોડો સારરે, લેઈ પંચ માહાવરત ભારરે;
શેઠ ઈંદ્રતણો અવતારરે, જીન ખંડ ઠવે દો શાળારે, જય.
બિંબ કેસર સુગંધરે, દશમે દીન કંકણ બાંધીરે;
ગુરૂ મંત્ર પવિત્ર સુરંગીરે, મીઠળને મરડાસંગીરે. જય૦ ૬
પીઠીકા ધુપ દીપક સેણારે, બળ બાકુલાને પાણીરે;
સધળે નાખી પરતે કેરરે, કોસંબી વસ્ત્ર ઢાંકેરે. જય૦ ૭
ચેતવંદન વસ્ત્ર ઉધાડીરે, અધિષ્ટાએક થાપના કારીહ;
થીર લગ્નને વાસ્તે બળીએરે, શુધ અંજન શોવન સળીએરે
દશમી બુધવાર જગીશરે, ઘડી બારને પળ એકવીસરે;
કરે અંજન નયન વીશાળારે, જોતી પ્રગટ થઈ તે વેળારે જ.
મુળ નાયક આદે ધારીરે, પૂખાણ કરે તે સારૂ શાણીરે:
હવ મંગળ વાજાં વાજેરે, સહુ બિંબને શેઠજી પુજેરે જ૦

કલ્યાણક પંચ સુહાવોરે શ્રીત સુંદરી તિલક વધાવોરે
ઓશ્રીતરી શનાત્ર કરાવોરે શુભ વીર વચન રસ ગાવોરે, ૭૦

ઢાલ ૭ એક સમે શામળીઆજી એ દેશી.

મંડપ ઉભા એમ કહે મન મોહનજી,કાંઇ સંઘવી સંઘવન હોય, ગંનડું મોહ્યુંરે મન મોહનજી, ભવોભવ સરણ તુમારડું મન મોહનજી, આદિશ્વર આગને હોય મન૦ ૧

જન્મ શફળ અમે માનશું મન૦ જીન મંડળી મુખડાં દેખ મન૦ ભુખાણ આગર છત્રશું મન૦ પ્રભુ આગળ ભેટ વીશેશ મન૦ ૨ સમોવસરણ વાનગી મન૦ શીલોરી ઉપર મેં કિધ મન૦ ત્યાં સાહિબને પધરાવિયા મન૦ પ્રભુ આગળ ભેટ વીશેશ મન૦ ૩ અમરચંદ ધન વાવરે મન૦ રાજા મંત્રી સમજાણા મન૦ પ્રભુ નોતરી ઘેર આવિયા મન૦ ઉપર ઉત્સવ મંડાણ મન૦ ૪ માહા વદી બીજે સ્થાપિયા મન૦ મુળનાયક રીખભ જીણંદ મન૦ પુડરીક ગણધર સન મુખે મન૦ આનંદી તે શેઠ ખીમચંદ મન૦ વિમળ વશી ખડતર વશી મન૦ છીપાવશી ત્રીજી જાણ મન૦ પ્રેમાવશી ચોથી ભલી મન૦ મોતી વશી મંડાણ મન૦ એ વશી છે પંચમી મન૦ જીમ પાચ જ્ઞાન વિશાળ મન૦ વખત વશી છઠી ભલી મન૦ ખાળાવશી સાતમી સાર મન૦ ૭ શાકરચંદ પ્રેમચંદની મન૦ કુંઇપાસની ટુંક

विचार मन० कुंटाशान अंकेशरी मन० पंचमी वकासणी रख
वाळ मन० ८ स्वामी उत्स्व बहु करचा मन० धन खरच
लख्युं नही जाय मन० गरु पधरामणी बहु करी मन० पू
जादिक शानात्र भणाय मन० संघमाल शुदी फागण मन० सु
ख बीज उत्स्व थाय मन० आ जगमां आवारता मन०
कंइ पडछो नवी देवाय मन० १० ताल बजादिक तीरथे म
न० वदी वळीया नीज घेर मन० पुन्य करीने अवतरीया
मन० आगळ पुन्य बांधे एह मन० ११ तीरथ रुप ए
संघ छे मन० भगवती सुत्रे ए पाठ मन० गुणवतना गु
ण एम सुणया मन० आ संघनो देखी ठाठ मन० १२
खमाविजय जश गुरु तणा मन० शी शुभ वीरविजय मुनी
राज मन० प्रभुसे मगन सदा सुखी मन० कहे विरविज
य माहाराज मन० १३.

राजुलना बार महीना

मधुबिंदु समो संसार मुझाना मालतां, संसार सुणी आणगा
र जीणेश्वर बालतां. आंकणी
सखी तोरण आइ कंथ गया निज मंदिर, जेने नजर
मेळावो शोध ते मुज सांभरे; घेर लावंता झाली हाथ हुं
हेठी उतरी, पण फरी वरघोडो आज छबीले छेतरी म०

ગા૦ ૧ સખી સારૂ કહું અવદાત વિજોગી દુખી તણા, દુ
નીયામા દુરીજન લોક હાંસી કરે ઘણા; મીઠી લાગે પરની
વાત, આગન પગ ના લહે, કેહેના મોભ ચુવે કેના નેવ તે
મુખ ના કહે મ૦ ગા૦ ૨ સખી શ્રાવણ છડે મેહુલીરે મ
હીઅરીઆ તળે, છડે છટકી વારથી વેલ વાળી ના વળે;
કામ કરતી ફરતી ધરતી ઝરતી વાદળી, ગયો શ્રાવણ મા
સ નિરાસ રાજુલ એકલી. મ૦ ગા૦ ૩ સખી ભાદરવે ભ
રથાર વિના કેમ રીજીએ, વીર હાનલ ઉઠી ઝાલ ધુઆ
વિના દાજીએ, ફળ પાકયાં કારણસ સાર ના ખાઇ ભેલીએ;
હોત દુખના દાહાડા બે ચાર આધેરા ઠેલીએ મ૦ ગા૦ ૪
વળી આસો માસે સેવ સુંવાળી સુખડી, બધા કરીરે દસરાના
દન દીવાળી ઢૂકડી; સખી લાંધણ કરીએ લાખ સરસ ન
વી ભોજના, રંગ તાનને નાટક સાર પીઉ વિના પેખના;
મ૦ ગા૦ ૫ માસ કારતકે કેલ કરે નરનારી બાગમાં; જેને
માસે ટપુકે ટાઢ કુમારી રાગમાં; જેના વાલમ ગયા વિદેશ
સંદેશા મોકલે, મારે ગામ ધણી ઘર વાટ; વશે પિયું વેગળે
મ૦ ૬ સખી માગસર માગણનારે મનોરથ પુરતાં, મને મે
લી ગયા બાળે વેશ ચતુર ગુણ ચુરતાં; સખી કોઇરે સંદે
શો લેઇરે આવે આજ મુજ કને, તેને દઉંરે મોતનકો હાર
અમુલખ ભુષણે. ગ૦ ૭ પોષ માસે પોતાની છોડી શિયા
ળે આલીયાં, વાહાલેસર વિના વેરણ રાત સુના મેહેલ મા
લીયાં; જાય જોબનિયું ભરપુર અરણ જેમ માલતી; જેના

પેઊ ગયા પરદેશ દુઃખે દીન કાઢતી, મ૦ ૮ પેઊ માહા મા
સે મત જાઆરે હિમાળો હાલશે, રઅણી એક તે વરસ
સમાન વિજોગે સાલસે; લંકાથી સીતા ખટ માસ રામ ઘે
ર લાવિયા, એવા વહી ગયા સાતે માસ પ્રિતમ ઘેર ન આ
વિયા, મ૦ ૯ હલકારા હસંત વસંત આકાસેથી ઉતર્યો, મા
નુ ફાગુણ સુરનરરાય મળીને નુતરો; હોળી ખેલે ગોપી ગો
વીંદ હમુ ઘેર આવતી, અલીકેસુ જંપાપાત વિજોગે માલતી
મ૦ ૧૦ સખી ચઈતરે ચંત પડી વીછોહી વાલમે; આવા
દુખના દાહાડા કેમ જાય ઉગે રવી આપમે, આંખ મીચાય
ને મળી ખાપરે ઉઘાડે ચેગળો, શામળિયો સીખ રવરૂપ સ
પઉમાં આગળો મ૦ ૧૧ રમે હંશ જુગલ શુક મોર ચકો
ર સરોવરે, નિજ નાથ સહીઅરની શાથ સુખે રમે વણ
ધરે; મુખ મંજરી આંબા ડાળરે કોયલ ટઉકતી, સખી વા
મમાં વીત્યો વસંત રૂએ રાજેમતી, મ૦ ૧૨ સખી વઈશા
ખે વન માંહીરે હિંચોળે હિંચતા, કદલી ફુલ ઘર ખીછાય ખુશી
થી નાચતાં; સરોવર જળ કમળે કેલ કરંતારે રાજવી, મુજ
સરખી છબીલી નાર લગ્ન લેઈ લાજવી, મ૦ ૧૩ જેઠ મા
સે જુલમતા તાપ તપંતાં ભુતલા આઠ માસનો મેઘ વિજો
ગ બળે તરૂ કુતલા; પશુ પંખી વિશામા પાયરે સિતળ છા
યા તરૂ; મારે પેઉ વિના નહી વિશ્રામ નાતીનેરે નોતરૂં, મ૦
૧૪ સખી આવીઓ માસ અશાડ ભરે જળ વાદળી, ગરજા
વર ટહુકે મોર ઝબુકે વીજળી; વરસાતે વસુધા નવ પલ્લવ હુ

રિયા ધરે, નદી નાળે ભરીઆં નીર બપઇઓ પીઉ પીઉ ક રૂ મ૦ ૧૫ ચોમાસે કરે તરૂ માળ રમંતા પંખિયા, એમ વિત્યાર બાર માસ પ્રીતમ ઘેર ના આવિયા, શ્રાવણ છઠે સ્વામી ગયા સેહેસાવને, લેઇ સંજમ કેવળી થાય દીન પં ચાવને મ૦ ૧૬ નેમ મુખથી રાજુલ નવ ભવ નેહ નીહા ળતી, વૈરાગ સુધારસ લીન સદા મન વાલતી, કાલંતરે ને મ દયાળે તીહાં દેશનાદેઇ, પ્રભુ હાથ સાહેલી સાથ રાજુલ દીક્ષા લેઇ. મ૦ ૧૭ લેઇ કેવળી કરી પરી સાથ બેઉ જુગતે ભયા, બેની પ્રીત સાંદી અનંત ભાગે ભળા થયા; શુભ વીર વીજય સુખ લીન મગન વિશેખતા મ૦ ૧૮

નેમનાથનો શલોકો

સરસ્વતી માતા તમ પાએ લાગું દેવ ગરૂતણીઆતા માગું; જીભા અગ્રે તું બેસજે આઇ, વાણી તાણીતો કરજે સવાઇ આધી પાછો કોઇ અક્ષર થાવે માફ કરજો જે દોશ કાંઇ ના આવે, તગણ સગણને જગણના ઠાઠ, તે આદ દેઇ ગણછે આઠ, કીયા સારાને કીયા નખેદ તેંનો હું નવી જાણું ઊંડારથ ભેદ, કવીજન આગળ માહારી શી મતિ દોશ ટાળજો માતા સરસ્વતી, નેમજી કેરા કહુ શલોકો, એક ચીતેથી સા ભળજો લોકો; રાણી શીવાદેવી સમુદ્રરાજા, તે કુળ આવ્યા

કરના દીવાજા ૪ ગર્ભે કારતગ વદ બારશે રહ્યા, નવમ શવાકા આઠ દીન થય; પ્રભુજી જન્મયાની તારીખ જાણું શ્રાવણ શુદ પાંચમ ચીત્રા વખાણું; જન્મયા તણીતો નોબતો વાગી, માતાપીતાને કીધા વડ ભાગી; તરીઆં તોરણ બાંધ્યાં છે બાહાર ભરી મુગતાફળ વધાવે નાર. ૭ અનુક્રમે પ્રભુજી મોટેરા થાય ક્રીડા કરવાને નેમજી જાય; સરખે સરખાં છે સંગાથે છોરા, લટકે બહુ મુલા કલંગી તોરા રમત કરતા જાયછે તીહાં દીઠી આયુધશાળાછે જીહાં; નેમ પુછેછે સાંભળો બાંત, આતે શું છેરે કહોને વાત, તારે સરખા સહુ બોલ્યા તીહાં વાણ, સાંભળો નેમ ચતુર સુજાણ; તમારા ભાઈ કૃશ્નજી કહીએ તેને બાંધવા આયુધ જોઈએ; શંખ ચક્રને ગદાએ નામ બીજો બાંધવા ઘાલે નહી હામ; એવો બીજો કોઈ બળીઓ જો થાય, આવાં આયુધ તેણે બંધાય; નેમ કહેછે ઘાલું હું હામ; એમાં ભારે શું મોટું છે કામ; એવું કહીને શંખજ લીધો પોતે વગાડી નાદજ કીધો; તે ટાણે મોહોટો થયો ડમ ડોલ; સાહેરનાં નીર ચઢ્યાં કલોલ, પરવતની ટુંકો પડવાને લાગી, હાથી ઘોડાતો જાય છે ભાગી; ઝબકી નારીઓ નવ લાગી વાર, તુટયા નવસરા મોતીના હાર; ધરા ધ્રુજીને મેઘ ગડગડીઆ, મોટી ઈમારતો ત્રુટીને પડીઆ; સહુનાં કાળજાં ફરવાને લાગ્યાં, સ્ત્રી પુરૂષ જાય છે ભાગ્યાં; કરન બળભદ્ર કરે છે વાત, ભાઈ શો થયો આતે ઉત્પાત, શંખ નાદતો બીજો નવ થાય

હુવો બળીઓ તો કોણ કહેવાય; કાહાડો ખબર જે આતે શું થયું, ભાગ્યું નગર કે કાંઈ ઉગરીયું, તે ટાણે કૃશ્ન પાગ્યા વધાઈ, એ તો તમારો નેમજી ભાઈ; કૃશ્ન પુછેછે નેમને વાત ભાઈ શો કીધો આતે ઉતપાત, નેમજી કેહેછે સાંભળો હરી, મેં તો અમસ્તી રમત કરી; અતુળી બળ દીઠું નાનું કે વેસે; કૃશ્નજી જાણે રાજને લેશે; ત્યારે વિચાર્યું આદ મોરારી, એને પરણાવું સુંદર નારી; તારે બળ એનું ઓછુંજ થાય; તો તો આપકે અહિં રેહેવાય, એવો વિચાર મનમાં આણી, તેડ્યાં લક્ષ્મીજી આદે પટરાણી; જળક્રીડા કરવા સરવે જાઓ, નેમને તમો વિવાહ મનાવો; ચાલી પટરાણી સરવે સાંજે, ચાલો દેવરિયા નાવાને કાજે; જળક્રીડા કરતાં બોલ્યાં રૂક્ષ્મણી, દેવરિયા પરણો છબીલી રાણી; વાહા નવ રહીએ દેવર નગીના, લાવો દેરાણી રંગનાભીનાં; નારી વિના તો દુખ બહુ છે ઘાડું, કોણ રાખશે બાહાર ઉઘાડું; પરણ્યા વિના તો હવે કેમ ચાલે, ફરી લટકોને ઘરમાં કોણ માલે, ચુલો ફુંકશો પાણીને ગળશો, વેહેલા મોડા તો ભોજન મળશે, બારણે જાશો અટકાવી તાળું, આવી આસુરા કરશો વાળુ, દીવાને બતી કોણજ કરશે, લીપ્યા વિનાં તો ઉચેરા વળશે, વાસણ ઉપર તો નહી આવે તેજ, કોણ પાથરશે તમારી સેજ, પ્રભાતે લુખા ખાખરા ખાસો; દેવતા લેવા સાંજરે જાશો, પેટની વાતો કોને કેહેવાશે, તે દીન નારીનો ઓરતો થાશે, પરણ્યા આવીને પાછા જો જાશે;

દેશ વિદેશ વાનો બહુ થાશે, ૨૫ મોટાના છોરૂ નાનેથી વ ણીઆ, મારૂ કહ્યુ તો માનો દેવરીયા, ત્યારે સતભામા બોલ્યાં ત્યાં વાણ, સાંભળો દેવરીયા ચતુરસુજાણ; ભાભીનો ભરૂસો નાસીને જાશે, પરણ્યા વીના કોણ પોતાની થાશે, પેહેરી ઓ ઢીને આંગણે ફરશે, ઝાઝાં વાનાંતો તમને કરશે ૨૭ ઊંચાં મન ભાભી કેરાં કેમ શેહેશો, સુખની દુખ વાતો કોણ આગળ કેહેશો; માટે પરણોને પાતળીયા રાણી, હુંતો નહી આપુ નાવાને પાણી. ૨૮ વાંઢા દેવરને વીસવાસે રહીએ સધા વાહાલામાં હલકાંજ થઈએ, પરણ્યા વિનાતો સુખ કેમ થાશે, સગાને ઘેર ગાવા કોણ જાશે ૨૯ ગણેસ વધાવા કોને મોકલશો તમો જાશોતો શી રીતે ખલશો; દેરાણી કેરો પાડ જાનીસુ, છોરૂ થાશેતો વીવાહ માણીસુ. ૩૦ માટે દેવરીયા દેરાણી લાવો, અમ પર નથી તમારો દાવો; તારે રાધીકા આઘેરાં આવી, બોલ્યાં વચનો મોંહ મલકાવી. ૩૧ શીવાતો કરો સરવે સખી, નારી. પરણવી રમત નથી; કા પર પુરશનું નથી એ કામ, વાવરવા જોઇએ ઝાઝેરા દામ. ૩૨ ઝાંઝર નપુરને ઝીણી જવ માળા, આણવટ વીછુવા ઘા ટે રૂપાળા; પગપાને ઝાઝી ઘુઘરીઓ જોઇએ, માટે સાંકળે ઘુઘરા સોઇએ. ૩૩ સોના ચુડીલે ઘુઘરીના ઘાટ, છલા અંગુઠી આરીસા ઠાઠ; ઘુઘરી પોંચી વાંક સોનેરી; મુંદન ચુડીની ભાત ભલેરી. ૩૪ કલ્લી સાંકળા ઉપર શીહ મોહો રા, મરકટ બહુ મુલા નંગ ભલેરાં; તુળશી પાટીયાં જડાવ જો

ઇએ. કાળીગાંઠીથી મનડું મોહીએ. ૪૫ કલ્લી સોહીએ ધુ ઘરીઆળી, મનડું લોભાય ઝુમણું ભાળી; નવસરા હાર મોતીની માળા, કાને ટોડીઆ સોનેરી ગાળા. ૩૬ મચકણીઆં જોઇએ મુલ ઝાઝાંનાં, જીણાં મોતી પાણી તાજાનાં; લીલાવટ ટીલી શોભે બહુ સારી, ઉપર દામણી મુલની ભારી. ૩૭ ચાર ચુંદડી ઘરચોળાં સાડી, પીલી પટોળી મુલના ભારી, બાટ ચારડીઆ કશબી જોઇએ, દશરા દીવાળી પેહેરવા જોઇએ, ૩૮ મોંઘા મુલના કમખા કેહેવાય, એવડું નેમથી પુરૂં કેમ થાય; માટે પરણવાની પાડે છે નાય, નારીનું પુરૂં શી રીતે થાય. ૩૯ ત્યારે લક્ષ્મીજી બોલ્યાં પટરાણી, દીયરના મનની વાતો મેં જાણી; તમારૂં વેણ માથે ધરીશું, બેહુનું પુરૂં અમો કરીશું. ૪૦ માટે પરણોને અનોપમ નારી, તમારો ભાઇ દેવ મોરારી; બત્રીશ હજાર નારછે જેને, એકનો પાડ ચડસે તેને. ૪૧ માટે રૂડીએથી ફીકર ટાળો; કાકાજી કેરૂ ઘર અજવાળો; એવું સાંભળી નેમ તાંહાં હસીઆ; ભાભીના બોલ રૂદીયામાં વશીયા ૪૨ તાંહાંતો કૃષ્ણને દીધી વધાઇ નાથે પરણસે તમારો ભાઇ; ઉગ્રસેન રાજા ઘેર છે બેટી, નામે રાજુલ ગુણની પેટી. ૪૩ નેમજી કેરા વિવાહ તાંહાં કીધો, શુભ લગનનો દીવસ લીધો: મંડપ ધાલ્યા કૃષ્ણજી રાય; નેમને નીત્ય ફુલેકાં થાય. ૪૪ પીઠી ચોળેને માનની ગાય; ધવળ મંગળ અતી વરતાય; તરીઆં તોરણ બાંધ્યાં છે બાહારં, મળી સોહાસણ નેમને ગાય

૪૫ જાન સજાઈ કરે ત્યાં સારી, હલબલ કરે દેવ મોરારી; વહુઆરૂ વાતો, કરેછે છાને; નહી રહીએ ઘેર જઈશું જાને; ૪૬. છપનક્રોડ જાદવનો સાથ; મળ્યા કરશનને બળભદ્ર ભ્રાત; ગડીઆ ઘોડલે મેના અસ્વાર, સુખપાળો કેરા લાખે ન હી પાર. ૪૭ ઘોડવેલો આરોઠા બગીઓ બહુ જોડી, મેના ગાડીઓ જોતરીઆ ઘોડી, બેઠા જાદવ વેઢ વાંકડીઆ, સો વન મુગટ હીરલે જડીઆ, ૪૮ કડાં પુચીઓ બાજુબંધ કશીઆ, શાળો દોશાળો ઓઢે છે રશીયા; છપનકોટી તો બ શાબરીઆ જાણું, બાળ જાનૈઆ કેટલા વખાણું. ૪૯ જાનડી શોભે બાળુડે વેશે, વીવેકે મોતી પરોવે કેશે; સોળ શણગાર ધરે છે અંગે, લટકે અલબેલી ચાલે ઉછરંગે. ૫૦ લીલા વટ ટીલી દામણી ચળકે, જેમ વીજળી વાદળ શળકે; ચંદ્ર વદની બધા જો નેણી, સીહંકી જેની નાગ શી વેણી. ૫૧ રથમાં બેશીને બાળક ધવરાવે, બીજી પોતાનું ચીર સમરાવે; એમ અનુક્રમે નાર છે ઝાઝી, ગાય ગીતને થાય છે રાજી; ૫૨ કોઈ કહે ધન રાજુલ અવતાર, નેમ સરખો પામી ભરથાર; કોઈ કહે પુન્ય નેમનું ભારી, તે પરી મળીયા રાજુલ નારી એમ અન્યોઅન્ય વાદ વદે છે, મોહોડા મલકાવી વાતો કરે છે; કોઈ કહે અમો જઈશું વેહેલી, બળદને ઘીતો પાઈશું પે હેલી, ૫૪ કોઈ કહે મારા બળદ છે ભારી, પોહોંચી ન શ કે દેવ મોરારી; એવી વાતોના ગપોળા ચાલે, પોત પોતના મગનમાં માહાલે. ૫૫ બોહોતેર કળાને બુધ વિશાળ, નેમ

નાહીને ધરે શણગાર; પેહેર્યાં પીતાંબર જરકશી જામો, પાસે ઉભા છે નવસાનો મામો ૫૬. નાથ મુગટ હીરલે જડીઓ, બહુ મુલો છે કસબીનો ઘડીઓ; ભારે કુંડળ બહુ મુલાં મોતી, શેહેરની નારી નેમને જોતી. ૫૭ કંઠે નવસરા મોતીના હાર, બાંધ્યા બાજુબંધ નવ લાગી વાર; દશે આંગળીએ વેઢને વીંટી, બીજી દીસે છે સોનેરી લીટી. ૫૮ હીરા બહુ જડીઆ પાણીના તાજા, કડા સાંકળાં પેહેરે વરરાજા, મોતીનો તોરો મુગટમાં ઢળકે, બહુ તેજથી કલગી ચળકે ૫૯ રાધાએ આંજી આંખડી આંજી, બહુ ડાહી છે નવ જાય ભાંજી; કુમકુમનું ટીલું કીધું છે ભાળે; ટપકું કસ્તુરી કેરૂં છે ગાલે, ૬૦ પાન સોપારી શ્રીફળ જોડે, ભરી પોશને ચડયા વરઘોડે; ચડી વરઘોડો ચઉટામાં આવે; નગરની નારી મોતીએ વધાવે. ૬૧ વાજાં વાગેને નાટારંભ થાય, નેમ વિવેકી તોરણ જાય; ખુશાળ મુશળને રવઈઓ લાવ્યા, પોંખવા કાજ સાસુજી આવ્યા, ૬૨ દેવ વિમાન જોય છે ચઢી, નેમ નહી પરણે જાસે આ ઘડી; એવામાં કીધો પશુએ પોકાર, સાંભળો અરજી નેમ દયાળ. ૬૩ તમો પરણશો ચતુરસુજાણ; પરભાતે જાશે પશુઓના પ્રાણ; માટે દયાળુ દયા મનમાં લાવો; આજ પશુડાંને જીવતાં રાખો. ૬૪ એવો પશુઓનો સુણી પોકાર; છોડાવ્યાં પશુડાં નેમ દયાળ; પાછા તો ફરીઆ પરણ્યા તો નહી, કુંવારી કન્યા રાજુલ રહી. ૬૫ રાજુલ કહે છે ન શિધ્યા કાજ, દુશમન થયાં પશુડાં આજ;

સાંભળો સરવે રાજુલ કહે છે, હરણીને તાંહા ઓળંભો દે છે, ચંદ્રમાને તેં લંછન કરાવ્યું, શીતાનું હરણ તેંતો કરાવ્યું; મહારી વેળાએ કયાં થકી જાગી, નજર આગળથી જાને તું ભાગી. કરે વિલાપ રાજુલ રાણી, કરમની ગતી મેં તો નવ જાણી; આઠ ભવની પ્રીતને ઠેલી, નવમે ભવ કુંવારી મેલી ૬૮. એવું ન કરીએ નેમ નગીના, જાણું છું મન રંગનાં ભીના, તમારા ભાઈએ રણમાં રઝળાવી, તેતો નારી ઠેકા ણે ન આવી, તમો કુળ તણા રાજા છો ધારો; આ ફેરે આવ્યો તમારો વારો; વરઘોડે ચડી મોટા જસ લીધો, પાછા વળ્યામાં ફજેતો કીધો, ૭૦ આંખ્યો અંજાવી પીઠી ચોળા વી, વરઘોડે ચઢતાં શરમ કેમ નાવી, મોહોટે ઉપાડે જાન બનાવી, ભાભીઓ પાસે ગાણાં ગવરાવી,. ૭૧ એવા ઠાઠથી સરવેને લાવ્યા, સ્ત્રી પુરૂષને ભલા ભરમાવ્યા; ચાનક લાગે તો પાછેરા ફરજો, શુભ કારજ અમારૂં કરજો, ૭૨ પાછા ન વળીઆ એકજ ધ્યાન, દેવા માંડ્યું તાંહાં વરશીજ દાન; દાન દેઈને વીચાર કીધો, શ્રાવણ શુદ ૬નો મહુરત લીધો. ૭૩ દીક્ષા લીધી ત્યાં ન લાગી વાર, સાથે મુનીવર એક હજાર; ગીરનારે જઈને કારજ કીધું, પંચાવનમે દીન કેવળ લીધું; ૭૪ પામ્યા વધાઈ રાજુલ રાણી; પીવા ન રહ્યા ચાંગળુ પાણી; નેમને જઈને ચરણે લાગી, પીઉજી પાસે મોજતા માગી. ૭૫ આપો કેવળ તમારી કાહાવું, હુંતો શોકને જોવા ને જાવું, દિક્ષા લેઈને કારજ કીધું, જટપટ પાતે કેવળ લી

ધું. ૭૬ મળયું અખંડ એવાતણુ રાજ, ગયા શિવસુંદરી જો વાને કાજ; શુદની આઠમ અશાડ ધારી, નેમજી વરીઆ શીવવધુ નારી. ૭૭ નેમ રાજુલની અખંડ ગતી, વરણવ કે મ થાયે માહારીજ મતી; તથા રપ કહુ બુધી પ્રમાણે, એહુના સુખની કેવળી જાણે ૭૮ ગાશે ભણસેને જે કો ઈ સાંભળશે, તેના મનોરથ પુરા એ કરશે; શીધનું ધ્યાન રૂદીયે જે ધરશે, તેતો શીવવહુ નારચેજ વરશે ૭૯ સંવત ઓગણીસેં શ્રાવણ માસ, વદની પાંચમનો દીવશ ખાશ;વાર શુક્રનું ચોઘડિયું સારૂ, પ્રસંન થયું મનડું માહારૂ, ૮૦ ગામ ગાંગડના રાજા રામસંગે, કીધો શલોકો મનને ઉછરંગે; મ હાજનના ભાવ થકી મેં કીધો,વાંચી શલોકો સારો જશ લી ધો ૮૧ શેહેર ગુજરાત રેહેવાશી જાણો, વિશાશ્રીમાળી ના ત પ્રમાણો; પ્રભુની કીરપાથી નવનાધ થાય, એહુ કરજોડી સુરસસી ગાય. ૮૨ નામ દેવચંદપણ સુરસસી કહીએ, એહુ નો અર્થ એકજ લહીએ, દેવચંદ સુરચંદ છે સસી, રસીક વાણી રૂદીઆમાં વશી.

સ્તવનો વિગેરે

શ્રી અધાતમાનું સ્તવન

અવસર બેર બેર નહી આવે, જ્યું જાણે ત્યું કરલે ભલાઈ

જન્મ જન્મ સુખ પાવે; હો અવસર બેર બેર નહી આવે; તનધન જોબન સબહીએ જુઠો, પ્રાણ પલકમેં જાવે; અવસર૦ તન છુટે ધન કોણ કામકો, કાયાકુ કરપણ કહાવે, અવસર૦ જાકે દીલમે સાચ બશતહે, તાકુ જુઠ ન ભાવે. અવસર૦ આનંદઘન પ્રભુ ચલત પંથમે, સમર સમર ગુણ ગાવે અવસર૦

ગોડી પારશ્વનાથનું સ્તવન

આવના આવના આવનારે શ્યામ મેરી ગલીસે આવના, એ રાગ. મીલાવના મીલાવના મીલાવનારે ગોડીજીકો દરીસ મીલાવના, અનુભવ મેવા ભજલે પ્રભુજી, ઉન મોહે દરીસ દેખાવનારે, ગોડી૦ અંતરજામી અંતર ન રખો, દ્યો દરીસન સુખ પાવનારે ગોડી૦ રામ વીબુધ કહે જીન પ્રભુ પ્યારા, તનકો તાપ મીટાવનારે ગોડી૦

નેમનાથનું સ્તવન

મત જાવરે પિયા તુજ વારૂગી, એ રાગ. લેતા જાવરે સામળીયા બીડી પાનનકી, પાનનકીરે બીડી પાનનકી, એ આંકણી. કથા ચુના લવીંગ સોપારી, વારી તેરે દીલ જાનનકી; લેતા૦ તાલ મ્રદંગ શરણાઇ સરોદા, બાજી બની રંગ તાનનકીરે લેતા૦ સહેસાવનકી કુંજ ગલનમે; લાગી જારી શુભ ધ્યાનનકી, લેતા૦ કહે નથુ ધર્મ પ્રકાસીત, હું બલીહારી કેવળ જ્ઞાનનકી, લેતા૦

અરીયાળી

કેહેના દેને કાહાન તારી માને કેહેવ દેને કાન એ રાગ, નાના વહુને પર ઘેર રમવાનો ઢાળ નાની વહુને પર ઘેર રમવાનો ઢાળ પર ઘેર રમતાં થઇ જુઠા બોલી, દેશી ધણીને આળ, નાના૦ હળવે ચાળા કરતી હીંડે, લોક કહે છીનાળ, નાની૦ બોલ્યા જાણ જાણના લાવે, હઇડા ઉપા સે સાલ, નાના૦ બઇરે પાડોશણ જુવોને લગાર, ફોગટ ખાસે ગાળ, નાના૦ આનંદઘનશું રંગે રમતાં, ગોરી કાને ઝબુકે ઝાળ ॥ નાની ॥

દોહીયુ.

લગી તોરે ડર સબીરૂ બુમાડીયા, ટેક. ભાગ્ય ધંતુરા મુને કેફ ન ભાવે, બીન કેફે સુધ બીસાડીયાં, લગી૦ ૧. ગ્યા નકો બાન ભરી ભરી મારે, મારી મોહે પ્રેમકી કટારી યાં, લગી૦ ૨. તુહીતુહી કરતાં મધન ભયોહે, રૂપચંદ પીયા વારીયા, લગી૦ ૪.

નીંદ્રા વિષે દોહીયુ

સોવે સોવે સારી રેણ ગુમાઈ, વેરણ નીંદ્રા કહાંસેરે આઇ; નીંદ્રા કહે મેં બાળીરે ભોળી,બડેબડે મુનીજનકુ નાંખુ ઢોળી, વેર૦ નીંદ્રા કહે મેં જમકી દાશી, એક હાથમે મુગતી દુસરે હાથમે ફાંસી, વેર૦ સમયશુંદર કહે સુણો ભાઇ બહેનીયાં, આપ મુએ સારી દુબ ગઇ દુનીયાં, વેર૦

શીખવદેવજીનું સ્તવન.

રાગ પરજીઆનો

આઇ બસો દીલ બાગમે, જીન મેરા આઇ બસો દીલ બાગમે, ટેક. ચુનીચુની કલીઆં તોરે ચરણે ચઢાવું, ગુણ ગાઉં જીન તોરા રાગમે, જીન૦ નાભીરાઆ મારૂ દેવીકો નંદન; જુગલા ધર્મ નીવારતો, જી૦ ૨. સેવક પ્રભુસુ અરજ કરે છે, ભવોભવ પાર ઉતારના. જી૦ ૩.

દોઢીયું

બડો ચતુર પેલો ટોપી વાળો અગનગાડી ચલાવીરે એ રાગ, અંતર મેલ મીટો નહી મનકો, ઉપર તન કયા ધોઆરે, ટેક. સોળ શણગાર સજીરે શીરપર મુખડા કાચમે જોઆરે, અંતર ૧. અગર અત્તાર અબીલ અરગજા; ગંડી દેહસુ મોહોરે, અંતર ૨. સરસ આહાર કરી તનને પોસે; ત્રીઆ પલંગપર શોઆરે, અંતર. ૩ કહે જીનદાસ અક્ષય અમરપદ, જબ નીરખ્યા તબ રોઆરે. અંતર ૪

સાખી

જીન પ્રતીમા જીનવર સમી, ન ગણે કોઇક ગમાર;
પણ તે કુગતી ઇહાંથી ગયી, ખાશે જમના માર;
એમ જાણી કુમતી પ્રાણીઆ, ન કરો કાંઇ અકાજ;
જીન પ્રતીમા જીન સમી ગણી, પુજો તે ત્રણ કાળ;
કુમતી મુખ કાળા તણી, નવી સમજે સુત્ર વાત;
ઊંધી મત આસે ધણા, તસ મુખ દુરે દાટ;

નેમનાથજીના સાતવાર.

આદીતે અરીહંત આમ ઘેર આવોરે,
મારા શ્યામ શલુણા નેમ દીલમાં લાવોરે. ૧
શોમે તે શુભ શણગાર સજીએ સંગેરે,
મારા જુગ જીવણના સાથ રમીએ રંગેરે. ૨
મંગળ શુભ દીન આજ મંગળ ચારૂરે,
કાંઈ નવ ભવ કેરા નેહ હું સંભારૂરે. ૩
બુધ ઘેર આવો નાથ બુધ માહા બળીઆરે,
પ્રભુ એક સેહેસ ને આઠ લક્ષણ ભરીઆરે. ૪
ગુરૂ ગીરવા ગુણવંત શીવા દેવીનારે,
કાંઈ સમુદ્રવીજય કુળ ચંદ નેમ નગીનારે. ૫
શુક્ર સેહેસાવન આલો સંજનારે,
મારે સમય થયો પરભાત વીતી રજનારે. ૬
શનીશ્વરે સંજમ લીધ પ્રીત વધારીરે,
હાનું પામ્યા પરમાનંદ નેમને નારીરે. ૭
કહે મુળચંદ જે એમ આશા ફળસેરે,
જે નીરમળ પાળે શીયળ ભવજળ તરેશેરે. ૮

વસંત.

વસંત પંચમીને નઉતમ ક્ષેત્ર, લગન લીઓ નીરધાર લલના.
સહુ સાજન મળી તોરણ આએ, પશુડે માંચો પોકાર. વ૦
સંતર વીના આદરચો હો હામેરી લલનારે પરણે છે, નેમ કુમારી

વસંત૦ લીલા પીળા વાંસ રંગાવો, ચોરી ચીત્રાવો ચાર લલના; ભાવે તે દેવતા વેશ ભણે છે, મંગળ ગાવે સખીઓ ચાર. વસંત૦ નેમજી હૈયામાં ક્રોધ ભરાણા, સંસારમાં નહી સાર લલના, રથ વાળી નેમ ગીરનાર આલ્યા, રોતી રે રાજુલ નાર. વસંત૦ આઠ ભવની હું નારી તુમારી, સારે અમારા વાંક લલના; ભવ ભવની હું દાશી તુમારી. કાળો છે કામ ણગારો વસંત૦ રાજુલ ચાલ્યાં સંજમ લેવા, જઈ ચડયાં ગડગીરનાર લલના, કરજોડી ઉત્તમ પાયે લાગુ, તારજો દીન દયાળ વસંત વીવા આદરયોહો.

જીન બીંબ સ્થાપવાનું સ્તવન.

વીર વદે એમ વાણીરે પ્રાણી, એ રાગ,

ભરતાદીકે ઉધારજ કીધો, શેતરૂંજા મોજાર; સોના તણા ત્યાંહાં દેહેરાં કરાવ્યાં, રત્ન તણાં બીંબ થાપ્યા હો કુમતી: કહાં પ્રતમા ઉથાપી, કીમજીન વચન ઉથાપી; હો૦ કુ૦ ૧ વીર પછે બસેં નેવું વરસે, સંપતીરાય સુજાણ; સ ... લા ખ પરસાદ કરાવ્યાં, સવા કરોડ બીંબ થાપ્યા હો૦ કુ૦ ૨ દ્રપતીએ જીન પ્રતીમાં પુજી; સુત્રમા સાખ ઠરાણી; છઠે અંગે તે વીરે ભાખ્યું, ગણધર પુછે સાખી; હો૦ કુ૦ ૩ સંવત નવસે તાણું વરસે, વીમળ મંત્રીસ્વર તેહ; આબુ તણાં જેને દેરાં કરાવ્યાં, બે હજાર બીંબ થાપ્યા; હો૦ કુ૦ ૪ સંવત અગીઆર નવાણું વરશે, રાજા કુંવરપાળ; પા

ચ હજાર પરસાદ કરાવ્યાં,સાત હજાર બીંબ થાપ્યા હો૦ ક૦ ૫ સંવત બાર પંચાણું વરસે, વસ્તુ પાળ તેજપાળ પાંચ હજાર પરસાદ કરાવ્યાં, અગીઆર હજાર બીંબ થાપ્યા હો૦ ક૦ ૬ સંવત બાર બોહોતેર વરશે,સંઘવી ધંનો જેહ;રાણકપુરજીન દેરાં કરાવ્યાં,ક્રોડ નવાણું દ્રવ્ય ખરચ્યો હો૦ ક૦ ૭ સંવત તેર ઇકોતેર વરસે, સમરો સારંગ શેઠ; ઉધારપંદરમો સેતરૂંજે કીધો, અગીઆર લાખદ્રવ્ય ખરચ્યો; હો૦ ક૦ સંવત સોળ છોતેર વરસે, બાદરશાને વારે, ઉધાર સોળમો શેતરૂંજે કીધો, કરમાસાએ જસ લીધો હો૦ ક૦ ૯ જીન પ્રતીમા એ જીનવર સરખી, પુજો ત્રીવીધ તુમે પ્રાણી; જીન પ્રતીમામાં સંદેહ ન રાખો,વાચકજસની વાણી હો૦ ક૦ ૧૦

સીધાચલનું સ્તવન.

સા[illegible] મુ[illegible]ને સીધાચળ લેઇ ચાલ. લેઇ ચાલ લેઇ ચાલરે સામીજી નુ[illegible] સીધાચળ લેઈ ચાલ. વિલંબ કશી કરીરે વાલમાં, કાગુ દીઠી છે કાલરે, સા૦ સી૦ ૧ ઘોઘા બંદર નગરે જઇ કરીરે વાલમાં, મળીઓ સઇઅર કેરા સાથરે સા૦ સી૦ ૨ પાળીતાણુ નગરે જઇ કરીરે વાલમાં,સફળ થઇ મુજ આશરે સા૦ સી૦ ૩ એ[illegible] દેખી લોચન ઠરયાંરે વાલમા, સફળ થયો અવતારરે, સા૦ સી૦ ૪ ઉચાં દેરાં આદીનાથનાંરે વાલમાં૦ ઉગમણે દરબારરે, સા૦ સી૦ ૫ સુરજકુંડમાં નાહી કરીરે વાલમાં. પેહેરવા જાદવ ચીરરે. સા૦

સી૦ ૬ કેશર ચંદન ઘસી ઘણાંરે વાલમાં, પુજવા આદીજી ણંદરે સા૦ સી૦ ૭ સુરનર જન સેવા કરેરે વાલમા, ચમર ઢાળે ઇંદ્ર સા૦ સી૦ ૮ કેહુંકે કુંદારા હેમનારે વાલમા કંઠે નવશેરા હારરે સા૦ ૯ બાંહે બાજુબંધ બેરખારે વાલમાં લીલાવટ ટીલક જડાબરે સા૦ મસ્તક મુગટ હીરે જડ્યો કાનેકાંને કુંડળ સારરે, સા૦ સી૦ ૧૧ કીરતીવીજે ઉવજાય નોરે વાલમા, હોજો મંગળ માળરે. સાગીજી મુજને શીવા ચળ લેઇ ચાલ ૧૨

નેમનાથજીનું સ્તવન.

સંજમ લેઉગી સાથ પીયા મેતો સંજમ લેઉગી, સંજમ લેઉ ગી મેં સાથ ચલુંગી, પીયા મેતો સંજમ લેઉગી, રહુગી પ્રીતમ પાસ; પીયા૦ ૧ સમુદ્ર વીજય શીવાદેવીકા નંદન, જદુપતી નેમ કુમાર, પીયા૦ ૨ માત પીતા મેરા જન્મ દીયોહે, કરમ લીખ્યો કીરતાર. પીયા૦ ૩ તન ધન જોબન સીર નહી અપનો, સુપના જેમ સંસાર પીયા૦ ૪ આઠ ભવંતર નેહ કીયોહે, નવમે તજીહે નાંહ પીયા૦ ૫ તોરણ આયે ચલે રથ ફેરી, પશુઓના શુણી પોકાર. પીયા૦ ૬ સેહેસાવન જઇ સંજમ લીધું, છાંડ્યા વીખય વીકાર પીયા૦ ૭ રાજુલ પ્રીતે પ્રભુ પાય નમીને, લીધો સંજમ ભાર. પીયા૦ ૮ કરમ ખપાવી કેવળ પામી, પોહત્યા મુગતી મોઝાર પીયા૦ ૯ રંગકહે પ્રભુ સરણ તુમારા દેજો ભગતી સ્તાર પીયા૦ ૧૦

સીધાચલનું સ્તવન. દેશી લલનાની. સીધગીરી ધ્યાવો ભવીકા સીધગીરી ધ્યાવો, ઘેર બેઠા પણ બહુ ફળ પાવો ભ૦ આંકણી. નંદીસર જાત્રા જે ફળ હોવે, તેથી બમણે રે ફળ પુંડરગીરી હોવે ભ૦ ૧ ત્રીગણું રૂચક ગેરી ચોગણું ગજદંતા, તેથી બમણેરે ફળ જંબુ મહંતા ભ૦ ષટ ધણું ધાતકી ચૈત જુહારે, છત્રીસ ગણું ફળ પુષ્પલ વીહારે ભ૦ ૨ તેથી તેરસગણું ફળ મેરૂ ચૈત જુહારે, સહસગણે રે ફલ સમતસીખરે ભ૦ લાખ ગણેરૂ ફળ અંજનગીરી જુહારે. દસ લાખ ઘણેરૂ ફળ અષ્ટાપદ ગીરનારે. ભ૦ કોડ ગણું ફલ શ્રી સીધાચલ ભેટે, જેમરે અનાદીના દુરીત ઉમેટે, ભ૦ ભાવ અનંતે અનંત ફળ પાવે, શ્રી જ્ઞાનવીમળ સુરી ધમ ગુણ ગાવે ભવીકાં ધમગુણ ગાવે.

સ્તવન

કુંઅર ગભારો નજરે દેખતાજી, એદેશી. સમકીત દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડળ ગયાં દુરરે, મોહન મારૂદેવીનો લાડણોજી, દીઠા મીઠા આનંદ પુરરે, સમ૦ ૧ આયુ વરજીત સાત કર્મનીજી, સાગર કોડા કોડી હીણરે, હસ્થાતી પઢમ ગુણ કરીજી, વીર્ય અપુરવ મોઘર લીધરે સમ૦ ૨ ભુગલ ભાગી આદ્ય કષાયનીજી, મીથ્યાત મોહની સાંકલ સાથરે, બાહાર ઉઘાડ્યાં સમ સંવેગનાંજી, અનુભવ ભવને બેઠા નાથરે. સ૦ ૩ તોરણ બાંધ્યું જીવ દયા તણુંજી, સાથીઓ પુર્યો સરધા રૂપરે; ધુપ ઘટી પ્રભુ ગુણ અનુમોદનાજી, ધીગુણ

મંગળ આઠ અનુપરે. સ૦ ૪ સંવર પાણી અંગ પખાલણે જી, કેસર ચંદન ઉત્તમ ધ્યાનરે, આતમ ગુણ રૂચી મૃગ મદ મહ મહેજી પંચા ચાર કુશમ પ્રધાનરે સ૦ ભાવ પુજાએ પાવન આતમાજી, પુજો પરમેશ્વર પુન્ય પવિત્રરે, કારણ જોગે કારજ નીપજેજી, ખીમાવીજય જીન આગમ રીતેરે સ૦ ૬

અથ ગીરનાર તિર્થ સ્તવન.

તોરણથી રથ ફેરી ચાલ્યા કંતરે, પ્રીતમજી
આઠ ભવાની પ્રીતડી તોડી તંત; માહારા પ્રીતમજી.
નવમે ભવ પણ નેહ ન આણ્યો મુઝરે પ્રીતમજી;
તોસ્યે કારણ એટલે આવવું તુઝ, મારા પ્રીતમજી
એક પોકાર સુણી તીર યચનો ઇમરે. પ્રીતમજી
મુકા અબલા રોતી પ્રભુજી કીમ મારા પ્રીતમજી
ખટ જીવના રખવાલમાં સીરદારરે પ્રીતમજી
તો કીમ વીલવતી સ્વામી મુકી નારી, મારા પ્રીતમજી;
સિવ વધુ કેરૂ એહવું કેવું રૂપરે પ્રીતમજી
મુજને મુકીને ચીતમાં ધરી જીન ભુપ માહારા પ્રીતમજી
જીનજી લીધે સહસાવનમાં વ્રત ભારરે પ્રીતમજી
ઘાતી કર્મ ખપાવીને નીરધાર માહારા પ્રીતમજી
કેવળ રીધી અનંતી પરગટ કીધરે પ્રીતમજી
જાણી રાજુલ ઇમ પ્રતિજ્ઞા લીધ મારા પ્રીતમજી
જે પ્રભુજીએ કીધું કરવું તેહરે પ્રીતમજી
ઇમ કહી વ્રત ધર થઇ પ્રભુ પાસે જેહ મારા પ્રીતમજી

પ્રભુ પહેલા નીજ મોક્ષનું જોવા રૂપરે. પ્રી૦
કેવળજ્ઞાન લહી થઇ સીધ સરૂપ, મહા૦
સિવ વધુ વરીઆ જીનવર ઉત્તમ નેમરે. પ્રી૦
પદમ કહે પ્રભુ રાખો અવીચલ પ્રેમ. મહા૦ ૫

દોઢીયાં.

મારી આંખડલીમાં કામણ કીધું છેલ છોગાળા, ચીતડુ મારૂં ચોરી લીધું છેલ છોગાળા; પરભુજી દીસોછો ચતરા છેલ છોગાળા, મુને લાગી પ્રેમ કટારી છેલ છોગાળા, તેનું દરદ ક્યાં જય કહીએ છેલ છોગાળા; તમને મુકીને ક્યાં રહીએ, છેલ છોગાળા, તમેતો ઘણાના કારજ કીધાં છેલ છોગાળા; હવેતો તુમ ચરણ આવ્યા છેલ છોગાળા; તુમથી બાંધી પુરણ પ્રીત છેલ છોગાળા, એ શુરશશીને લાગી મીઠી છેલ છોગાળા.

કામ છે કામ છે કામ છેરે, મારે કેશરીઆ વાલાનું રૂડું કામછે. ચરણ સેવાનું મારે કામ છેરે, મારે કેશરીઆ વાલાનું રૂડું કામછે જીસ નામે ભવ જળ દધી તરીએ, સબલ ..નનું ઠામછેરે, મારે૦ ૧
કોઇ સેવે શંકર કોઇ સેવે બ્રહ્મા કોઇ વીશનવ કોઇ રામછેરે; મારે૦ ૨
ફુલચંદ કહે જય જગજીવન ધુલવા નગર જીન ધામ છેરે મારે૦ ૩

મારા મુખડા ઉપર વારીલાલ લટકાળા, લટકે ચંદનબાલા તારી લાલ લ૦ કીધુ સુળીનું સીધાસણુ લાલ લ. ઉગ ચો શુંદર શીન લાલ લ. ચરણ ચંદકોશીઆ ડશીઆ લાલ, લ. એતો દેવલોક જાઇ વશીઆ લાલ. લ૦ માટે રીકલ મારી ન્યારી લાલ.લ૦ શુરવાસીને બલીહારી લાલ. લટકાળા.

સઝાય.

આપ સભાવમાંરે અબધુ સદા મગનમાં રહેના, જગત જી વહે કરમાધીના; અચરીજ કહુંઆન લીના. આ૦ ૧ તુમ નહી કેરા કોઇ નહી તેરા કયાકર મેરા મેરા, તેરા હેશો તે રી પાસે; અવર સબે અનેરા. આ૦ ૨ વપુવીનાસી તું અ વીનાસી અબહે ઉનકું વીલાશી, વપુ શંખ જબ દુરની રા સી, તબ તુમ શીવકા વાસી આ૦ ૩ રાગને રીસા દોય ખ વીસા, એ તુમ દુખકા દીસા, જબ તુમ ઉનકુ દુર કરીસા તબ તુન જગકા ઇસા આ૦ ૪ પારકી આશા સદાનીરાશા એહે જગજન પાસા તે કાટનકુ કરો અભ્યાસા લહો સદા સુખ વાસા આ૦ ૫ કબહીક કાજી કબ હીક પાજી કબહી ક હુઆ અપ ભ્રાજી, કબ હીક જગમે કીરતી ગાજી, સબ પુદગલકી બાજી આ૦ ૬ સુધ ઉપીઓગને સમતાધારી જ્ઞાન ધ્યાન મનોહારી, કરમ કલંકકું દુર નીવારી; જીવ વરે શીવનારી. આ૦ ૭

અગત્યની ખબર.

સરવે સજ્જનોને સુચના આપવામાં આવે
છે કે, અમારી પાસે નિશાળપયોગી ઘણી જા
તની ચોપડીઓ, તથા વારતાઓ, કાયદાઓ
પુસ્તકો, જાંગડ વેચાણ ઈપા લેનારને સુલભ પ
ડે તેવી રીતે આપવાના છે, અને તે પુસ્તકો
નું લીસ્ટ અમોએ બનાવેલુંછે સબબ જેઓને
ચોપડીઓ જોઈતી હોય તેઓએ પ્રથમ લી
ષ્ટ મંગાવી માંહેત થઈ અગત્ય હોયતો આર
ત વીગરેનો પકો બંદોબસ્ત કરવો. છપાવનારા
ઓને સારી રીતે અને તાકીદથી છાપી આપ
વામાં આવશે.

ગુજરાત યુનિયન પ્રેસના માલેક.

વાડીલાલ ફતેચંદ